#054
😎 આ Skill છે?

મિત્રો, આપણે ઘણી વાર કહીએ છીએ—
“મને બધું આવડે છે”, “આઈડિયા તો સરસ છે”, “શરૂ તો કરી દીધું છે” પણ સાચો સવાલ એ છે… કામ પૂરુ થયું કે નહિ?
કામ પૂરુ કરવું એ Talent નથી, એ Skill છે.
આ Skill શીખી શકાય છે, વિકસાવી શકાય છે.

વિચાર કરો—
પરીક્ષા માટે પુસ્તક ખરીદવું સરળ છે,
પણ આખું પુસ્તક વાંચીને પરીક્ષા આપવી એ Skill છે.

ઘણા લોકો કામ શરૂ તો કરે છે,
પરંતુ થોડો કંટાળો, થોડો ડર, થોડું ટાળવું… અને કામ અધૂરું રહી જાય છે.

મિત્રો યાદ રાખીએ:
અધૂરું કામ આપણને બોજ લાગશે,
પણ પૂરુ કરેલું કામ આપણને આત્મવિશ્વાસ આપશે.

નાનકડું કામ હોય તો પણ—
આજે નક્કી કરીએ: “શરૂ કર્યું છે તો પૂરુ કરીશ જ.”

કારણ કે
કામ પૂરુ કરનાર માણસ પર દુનિયા વિશ્વાસ કરે છે,

✨ આજે એક કામ પસંદ કરીએ… અને તેને પૂરુ કરીએ... એ જ આપણી સાચી જીત છે.